**એ.ટી.એમ.સેન્ટરમાં પૈસા ઉપડવા જતા કસ્ટમરોને વાતોમાં લઈ પીન નંબર મેળવી, એ.ટી.એમ. કાર્ડ બદલી તે એ.ટી.એમ. કાર્ડથી પૈસા ઉપાડી લઈ, છેતરપીંડી કરનાર ટોળકીમાં સામેલ કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકિશોરને ઝડપી પાડતી, સુરત શહેર સાયબર ક્રાઈમ.**

સુરત શહેરના સાયબર ક્રાઈમ પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૨૧૦૦૬૨૨૦૦૦૦૩/૨૦૨૦ ઈ.પી.કો. કલમ:- ૪૦૬, ૪૨૦, ૧૨૦(બી) તથા આઈ.ટી.એકટ કલમ:-૬૬(સી) ૬૬(ડી) મુજબનો ગુન્હો દાખલ થયેલ જે ગુન્હામાં સંડોવાયેલ ઈસમોએ તા.૩૦/૦૧/૨૦૨૦ ના કલાક ૧૮/૪૫ વાગ્યે ફરીયાદીશ્રી નો પુત્ર સોસાયટીમાં આવેલ એક્સીસ બેંકના એ.ટી.એમ. સેન્ટરમાં રૂ. ૧,૦૦૦/- ઉપાડવા ગયેલ તે વખતે બે અજાણ્યા ઈસમોએ પુર્વ આયોજીત કાવતરૂ રચી એકબીજાની મદદગારીથી આ કામના ફરીયાદીશ્રીના પુત્રને વાતોમાં લઈ ફરીયાદીશ્રીનું એ.ટી.એમ.કાર્ડ બદલી ફરીયાદીશ્રીના એ.ટી. એમ. કાર્ડના પાસવર્ડની ચોરી કરી તા.૩૦/૦૧/૨૦૨૦ કલાક ૧૯/૦૦ થી તા.૩૧/૦૧/૨૦૨૦ ના કલાક ૯/૩૦ સુધીમાં ફરીયાદીશ્રીના એ.ટી.એમ. કાર્ડથી એ.ટી.એમ.સેન્ટરમાંથી રોકડા રૂપિયા ૪૦,૦૦૦/- ઉપાડેલ તથા શ્રીમહાલક્ષ્મી ઓટોમાં બાલાજી જવેલર્સ આકાશ પેટ્રોલીયમ કરસન એન્ટરપ્રાઈઝ HPCL શ્રીમહાલક્ષ્મી સાધના જ્વેલર્સમાં અલગ અલગ રૂ. ૯૯,૯૧૭/- ના ટ્રાન્ઝેકશન કરી ફરીયાદીશ્રીના બેંક એકાઉન્ટમાંથી કુલ્લે રૂપિયા ૧,૩૯,૯૧૭/-ઉપાડી લઈ ફરીયાદી સાથે છેતરપીંડી કરી ગુન્હો કરેલ હોય, સદર ગુન્હો શોધી કાઢવા સારૂ સાયબર ક્રાઈમ પો.સ્ટે. દ્વારા સી.સી.ટી.વી. કેમેરાની ફુટેજ આધારે આ ગુન્હામાં સંડોવાયેલ આરોપીને આઈડેન્ટીફાઈ કરી, કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકિશોરને પકડી પાડી, તેની પાસેથી ઉપરોક્ત ગુન્હામાં ફરીયાદીશ્રીના એ.ટી.એમ.થી ખરીદ કરેલ સોનાની વીટી નંગ-૨ તથા ચાંદીનું બ્રેસલેટ નંગ-૧ રીકવર કરી ઉપરોક્ત ગુન્હો વણશોધાયેલ હોય, જે શોધી કાઢી, પ્રસંશનીય કામગીરી કરવામાં આવેલ છે.